# શાળાઓની ફી ૨૫ ટકા ઘટાડવા નિર્ણય

**સરકારે સ્કૂલોની ફીમાં ૨૫ ટકાનો ઘટાડો જાહેર કર્યો : ગુજરાત સહિત તમામ બોર્ડને એટલે કે સીબીએસઈને પણ નિર્ણય લાગુ પડશે : વાલીઓ સરકારના ફેંસલાથી નારાજ**

ગાંધીનગર,તા.૩૦

ગુજરાત સરકાર આજે ફી અંગે મહત્વનો નિર્ણય લીધો છે. ગુજરાત સરકારે શાળાની ફીમાં ૨૫ ટકા ફી માફીની જાહેરાત કરી છે. તેમજ ઈતર પ્રવૃત્તિની ફી નહીં લેવાય. આ નિર્ણય ગુજરાત સહિત તમામ બોર્ડને, એટલે કે સીબીએસઈને પણ લાગુ પડશે. આ ફી આજે બુધવારે ગાંધીનગરમાં રૂપાણી સરકારની કેબિનેટ મિટિંગ મળી હતી જેમા ફી ઘટાડા મુદ્દે ચર્ચા કરવામાં આવી હતી અને ત્યારબાદ સરકારે નિર્ણય જાહેર કર્યો છે. નોંધની. છે કે, વાલીઓની ૧૦૦ ટકા ફી માફીની માંગણી હતી જે બાદ આજે વાલીઓ સરકારના આ નિર્ણયથી નારાજ દેખાઈ રહ્યાં છે. ગુજરાતનાં શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ સરકાર તરફથી શાલા ફી અંગે જાહેરાત કરતા કહ્યું કે, સ્કૂલ ફીમાં ૨૫ ટકા રાહત આપવામાં આવશે. આ ઉપરાંત જે પણ વાલીએ આ વર્ષની ફી જે પણ ફી ભરી હોય તેમાં તેમને સરભર કરી આપવામાં આવશે. તેમણે વધુમાં જણાવ્યું કે, કૉંગ્રેસ ૧૦૦ ટકા ફી માફીની વાત કરે છે. મારે કૉંગ્રેસના નેતાઓને પૂછવું છે કે, કૉંગ્રેસશાસિત કયા રાજ્યમાં સ્કૂલ ફીમાં ૧૦૦ ટકા માફી આપવાની જાહેરાત કરવામાં આવી છે. પહેલા કૉંગ્રેસશાસિત પ્રદેશોમાં ૧૦૦ ટકા ફી માફીની જાહેરાત કરીને પછી ગુજરાતમાં ૧૦૦ ટકા ફી માફીની માંગણી કરે. તેમણે અપીલ કરતા જણાવ્યું કે, મારી અપીલ છે કે, આ આંદોલન આગળ ન ચાલે, આપણને બધાને શિક્ષણનું હિત જોવાનું છે. વાલીઓ અને સંચાલકોમાં વૈમન્યસ્ય ન વધે અને વિદ્યાર્થીઓનું હિત જળવાય તેવું કરવાનું છે. હવે કેન્દ્ર સરકારે જે નવી શિક્ષણ નીતિ આપી છે તેના અમલીકરણ પર કામ કરવાનું છે. મારી વાલીઓ, સંચાલકોને અપીલ છે કે આ અંગે કોઈ વાદવિવાદ ન થાય. વાલી મંડળની ૧૦૦ ટકા ફી માફીની માંગણીગુજરાત વાલી મંડળના પ્રમુખ નરેશ પટેલનું કહેવું છે કે, સરકારનાં ફેંસલા બાદ અમે બેઠક બાદ નિર્ણય કરીશું કે હવે શું કરવું. વાલી મંડળના અન્ય આગેવાન કમલ રાવલનું કહેવું છે કે, સરકાર ૧૦૦ ટકા માફી આપે. ગુજરાત કૉંગ્રેસનાં નેતા અને પ્રવક્તા મનીષ દોશીએ આ અંગે પ્રતિક્રિયા આપતા જણાવ્યું કે, કોંગ્રેસે એક સત્રની ફી માફીની માંગ કરી હતી. સરકાર ખાનગી શાળાઓને

● અનુસંધાન પાન-૭ પર

## સેકટરોમાં નવી ગટર લાઈન નાંખવાનુ કામ આરંભાશે

**જુના સેક્ટરોમાં ગટર લાઇનનુ સમગ્ર નેટવર્ક બદલાઇ જશે : નવા સેક્ટરોમાં રીંગ રોડ અને મુખ્યમાર્ગોનુ નેટવર્ક બદલાશે : ૨૦૦ થી ૨ હજાર ડાયામીટરની લાઇનના લીધે ગટરો ઉભરાવાની સમસ્યાનો અંત આવશે**

ગાંધીનગર તા ૩૦

ગાંધીનગરમાં ચાર દાયકા જુની ગટર લાઈન બદલવા માટે આખરી આયોજન કરી દેવાયુ છે. સમગ્ર શહેરમાં નવી લાઈન નાંખવા માટે ટેન્ડર પ્રક્રીયા હાથ ધરવામાં આવી છે. આ કાર્યયોજના પાછળ અંદાજિત ૨૫૦ કરોડનો ખર્ચ કરાશે હાલ સેકટરની વસતી અને વિકાસ મુજબ ગટર લાઈન ઘણી જુની અને સાંકડી છે. જયારે આ કાર્યયોજના અન્વેય નવી લાઈન ૨૦૦ થી ૨ હજાર ડાયામીટરની નાંખવામાં આવશે. જયારે મેઈનહોલ પણ નવા પ્રિકાસ્ટ અલબત્ત તૈયાર ફીટ કરાશે.

શહેરના સેકટરોમાં હાલ ઉભરાતી ગટરોની ફરિયાદો સ્થાનિકો માટે શિરદર્દ સમાન બની છે. સેકટરોમાં ગટરોના દુષિત પાણી ઉભરાતા હોવાની ફરિયાદ રોજનો ક્રમ બની ગયો છે. સેકટરવાસીઓ પણ આ સમસ્યાથી ત્રસ્ત છે. પરંતુ શહેર અસ્તિત્વમાં આવ્યુ ત્યારે જે લાઇન નાંખવામાં આવી હતી તે હાલના સમયે પર્યાપ્ત નથી અલબત્ત સેકટરોમાં વધતી વસતી અને વિકાસની સાપેક્ષમાં હાલની ગટર લાઈન સાંકડી છે આ લાઈનને અપગ્રેડ કરવા માટે સ્માર્ટ સીટી અન્વયે સમગ્ર શહેરમાં નવી લાઈન નાંખવા માટે કાર્યયોજના તૈયાર કરવામાં આવી છે. શહેરના સેકટરોમાં સ્માર્ટ સીટી અન્વયે આ યોજનાનુ કામ હાથ ધરાશે આ કામગીરી અન્વયે અંદાજિત રૂ ૨૫૦ કરોડનો ખર્ચ કરાશે. જયારે સેકટરોમાં નવી લાઈન નાંખવા સહીત મેઈનહોલ પણ બદલાશે નવા તૈયાર મેઈનહોલ નાંખવામાં આવશે અલબત્ત પ્રિકાસ્ટ મેઈનહોલ ફીટ કરાશે. આ કામગીરીને અનુલક્ષી ટેન્ડર પ્રક્રીયા પણ હાથ ધરવામાં આવી છે. જે મુજબ સે-૧૫ થી ૩૦ માં ગટર લાઈનનુ આખુ નેટવર્ક બદલાઈ જશે જયારે નવા સેકટરોમાં રીંગ રોડ તેમજ મુખ્યમાર્ગો પરની લાઈન બદલવામાં આવશે. આ કામગીરીના અંતે જાળવણીની જવાબદારી પણ સંબંધિત એજન્સીની રહેશે.

## શહેરમાં જોખમી સરકારી મકાનોમાં હજુ કર્મચારીઓ વસવાટ કરે છે

**સે-૨૯ માં ઘ -કક્ષાના મકાનોની હાલત પણ અત્યંત કંગાળ : તંત્ર દ્વારા તબક્કાવાર મકાનો તોડવામાં આવી રહ્યા છે ત્યારે ભયજનક મકાનો ખાલી કરાવવાનુ કામ ઝડપથી હાથ ધરાય તે પણ અનિવાર્ય**



ગાંધીનગર તા ૩૦

શહેરમાં સ્થિત જુદી જુદી કક્ષાના સરકારી આવાસો પૈકી મોટાભાગના મકાનો જોખમી હાલતમાં છે. રહેણાંકના મકાનો જોખમી હાલતમાં હોવાથી અનેકવાર મકાનમાંથી પોપડા પડવા સહીતની ફરિયાદો ઉઠવા પામે છે. સે-૨૯ માં પણ મકાનો અત્યંત જર્જરિત હાલતમાં જોવા મળી રહ્યા છે. જયારે જુના અને જર્જરિત મકાનો ત્વરિત ખાલી કરાવી કર્મચારીઓને સલામત મકાનો ફાળવવામાં આવે તેવી પણ માંગ ઉઠવા પામી છે.

શહેરમાં દાયકાઓ જુના સરકારી આવાસો હાલ કંગાળ અને જોખમી હાલતમાં છે. સેકટરોમાં સ્થિત જુદી જુદી કક્ષાના સરકારી આવાસો રહેણાંકને લાયક રહ્યા નથી ત્યારે ગમે ત્યારે આ બ્લોક જમીનદોસ્ત ન થાય તેનો ભય પણ સતત અધિકારીઓને સતાવી રહ્યો છે. શહેરના સેકટરોમાં સ્થિત વિવિધ કેટેગરીના મકાનો નો સર્વે હાથ ધરી ભયજનક આવાસો તોડવાનુ કામ પણ તબક્કાવાર હાથ ધરવામાં આવે છે. જયારે આવાસોના સર્વેના અંતે વિવિધ આવાસોને સલામતીની દ્રષ્ટીએ જુદી જુદી કેટેગરીમાં અલગ તારવવામાં આવ્યા છે. જયારે હાલ ભયજનક આવાસો તોડવાનુ કામ પણ ચાલી રહ્યુ છે. સેકટરોમાં સ્થિત જુદી જુદી કક્ષાના સરકારી આવાસો તોડવા માટે તબક્કાવાર કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. હાલ પણ સેકટરોમાં જોખમી આવાસો તોડવા માટે કામ ચાલી રહ્યુ છે. એકબાજુ નવા આવાસો પણ બાંધવામાં આવી રહ્યા

● અનુસંધાન પાન-૭ પર

## ''નલ સે જલ'' મેળવતા પાંચ જિલ્લાઓની ઘોષણા આવતીકાલે થશે

**ગાંધીનગર, મહેસાણા, આણંદ, પોરબંદર અને બોટાદ જિલ્લામાં આ અંગે ઈ-કાર્યક્રમો યોજવામાં આવશે**

ગાંધીનગર, તા. ૩૦

આગામી ૨જી ઓક્ટો.ના રોજ ગાંધીનગર સહિત રાજ્યના પાંચ જિલ્લાઓને ''નલ સે જલ'' યોજના અંતર્ગત સંપૂર્ણ નળ કનેક્શન ધરાવતા જિલ્લાઓ જાહેર કરાશે. રાજ્યના જળસંપત્તિ વિભાગ અને પાણી-પુરવઠા બોર્ડ દ્વારા આ અંગેના આયોજનને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. ગાંધીનગર જિલ્લાને ''નલ સે જલ'' યોજના અંતર્ગત અગાઉ ૧૫મી ઓગષ્ટે જાહેર કરવાની વાત હતી પરંતુ તે વાત પછી પડતી મુકવામાં આવી હતી. હવે ૨જી ઓક્ટો.ના રોજ રાજ્યના મુખ્યમંત્રી દ્વારા આ અંગે જિલ્લાઓમાં કાર્યક્રમો યોજી ઈ.ઘોષણા કરાશે. ગાંધીનગર જિલ્લો ''નલ સે જલ'' યોજના માટે રાજ્યકક્ષાએ મોડલરૂપ બન્યો છે. જિલ્લામાં આમ તો નળ જોડાણો આપવાનીકામગીરી માર્ચ ૨૦૨૦ માં તમામ સર્વેને અંતે સંપન્ન થઈ ગઈ હતી. પરંતુ તે પછી આ અંગેની વિધિવત્ ઘોષણા વિલંબમાં પડી છે.

રાજ્યમાં ગાંધીનગર સાથે બોટાદ, આણંદ, પોરબંદર અને મહેસાણાને પણ ''નલ સે જલ'' મેળવતા જિલ્લાઓ જાહેર કરવામાં આવનાર છે. ગાંધીનગરનો જિલ્લા કક્ષાનો કાર્યક્રમ સિવિલ હોસ્પિટલ સંકુલમાં આવેલ ઓડિટોરિયમમાં યોજવામાં આવશે. સવારે ૧૧ વાગ્યાના સુમારે આ અંગેના કાર્યક્રમમાં મુખ્યમંત્રી વિડીયો કોન્ફરન્સના માધ્યમથી જોડાશે અને આ પછી તેઓ આ અંગેની ઘોષણા કરશે. દરેક જિલ્લામાં ૪૦૦ વ્યક્તીઓને હાજર રાખવાની સૂચનાઓ આપવામાં આવી છે. ગાંધીનગર જિલ્લામાં ૩૦૩ ગ્રામ્ય વિસ્તારો તેમજ મનપા વિસ્તાર સહિત તમામ લોકો નળ જોડાણ ધરાવે છે.

## ગ્રામ્ય વિસ્તારમાં વધુ ૧૪ કેસ

**૧૩ દર્દીઓ રિકવર થતાં ડિસ્ચાર્જ કરાયા : ૧૯૧૧ દર્દીઓ કોરોનામુક્ત થયા : ગાંધીનગરમાં ૮, દહેગામમાં ૨ અને માણસામાં ૪ કેસ નોંધાયા**

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાંથી આજે કોરોનાના વધુ ૧૪ કેસ પોઝીટીવ મળી આવ્યા છે. જિલ્લામાં આજે કલોલ તાલુકામાં એક પણ કેસ નહિ નોંધાતા તંત્રએ થોડીક રાહત અનુભવી છે.

જિલ્લામાં આજે પણ નોંધાયેલા ૧૪ કેસમાંથી ૧૦ દર્દીઓએ હોમ આઈસોલેસનનો વિકલ્પ પસંદ કરતાં તંત્રની કામગીરી વધી જવા પામી છે. જિલ્લામાં આજે પણ ૯૦ જેટલા દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ છે.

જિલ્લામાં ગાંધીનગરમાં ૮, દહેગામમાં ૨ અને માણસામાં ૪ કેસ નોંધાયા છે. આજે નોંધાયેલા ૧૪ કેસમાં ૮ મહિલા દર્દીઓ હોવાથી તંત્રની ચિંતામાં વધારો થવા પામ્યો છે. જિલ્લામાં મહિલા દર્દીઓની સંખ્યા વધી રહી છે.

ગાંધીનગર તાલુકાના વાવોલ ગામેથી કર્મકાંડ કરતા ૩૫ વર્ષીય બ્રાહ્મણનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેને સારવાર માટે ગાંધીનગર સિવિલમાં ખસેડવામાં આવેલ છે.

જિલ્લામાં પ્રવાસન સ્થળ તરીકેની આગવી ઓળખ ધરાવતા અને કોરોના માટે અતિ સંવેદનશીલ બનેલ અડાલજમાંથી આજે બે કેસ મળ્યા છે. ૬૦ વર્ષીય વેપારીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. આ ઉપરાંત ૩૨ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે તેણીનીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે.

કુડાસણમાંથી પણ આજે બે કેસ મળી આવેલ છે. ૨૮ વર્ષીય યુવાન તેમજ ૪૫ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

સરગાસણ ગામેથી આજે ૩ કેસ મળી આવ્યા છે. ખાનગી નોકરી કરતી ૨૭ વર્ષીય

● અનુસંધાન પાન-૭ પર

## શહેરમાં કોરોનાના કેસ ૧૩૦૦ને પાર

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના ૧૭ કેસ મળી આવ્યા છે. આ સાથે શહેરમાં કોરોનાના દર્દીઓનો આંક ૧૩૦૦ને પાર કરી અને ૧૩૧૩ થયો છે.

શહેરમાં વધતા જતા કેસોની સંખ્યાએ તંત્રની ચિંતા વધારી છે. જોકે રિકવરી રેટ સારો હોવાથી તંત્રને થોડીક રાહત જરૂર છે. શહેરમાં આજે પણ લગભગ તમામ ખૂણેથી કેસો મળી આવતાં તંત્રની દોડધામ વધી જવા પામી છે. આજે પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કરનાર દર્દીઓની સંખ્યા નોંધનીય રહી છે.

આજે શહેરમાં સે. ૪ માંથી ૩, સે. ૨૮ માંથી ૨, સે. ૨૯ માંથી ૨ કેસ ઉપરાંત સે. ૨, ૩, ૫, ૬, ૭, ૧૩, ૨૨, ૨૪, ૨૭ અને ૩૦માંથી કેસો મળી આવ્યા છે.

સે. ૨૨માંથી આજે ૬૯ વર્ષીય નિવૃત્ત કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેમને સારવાર માટે ગાંધીનગર સિવિલમાં દાખલ કરવામાં આવ્યા છે.

સે. ૨૯ માંથી આજે વધુ બે કેસ મળી આવ્યા છે. ૬૭ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેમને હોસ્પિટલમાં દાખલ કરાયા છે. આ ઉપરાંત સે. ૨૯ માંથી એક ૮ વર્ષનું બાળક પણ કોરોનાથી સંક્રમિત થયુ છે. બાળકને હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ રાખવામાં આવેલ છે.

સે. ૨૮ માંથી આજે એક પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેમને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવેલ છે.

સે. ૪ માંથી આજે ૩ કેસ મળી આવ્યા છે. કોરોના માટે સંવેદનશીલ બનેલ આ સેક્ટરમાંથી જે રીતે કેસો મળી રહ્યા છે તેણે તંત્રને પોઝીટીવ આવતાં તેમને સારવાર માટે સિવિલમાં દાખલ કરાયા છે. સે. ૨ માં રહેતા અને ખાનગી નોકરી કરતાં ૬૪ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

**શહેરમાં હાલ ૨૧૬ દર્દી સારવાર હેઠળ : આજે શહેરમાં સે. ૪ માંથી ૩, સે. ૨૮ માંથી ૨, સે. ૨૯ માંથી ૨ કેસ ઉપરાંત સે. ૨, ૩, ૫, ૬, ૭, ૧૩, ૨૨, ૨૪, ૨૭ અને ૩૦માંથી કેસો મળી આવ્યા**

દંપત્તિ કોરોનાની ઝપટમાં આવી ગયુ છે. ૬૦ વર્ષીય પુરૂષ અને ૫૭ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દંપત્તિએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે.

સે. ૧૩ માં રહીને અભ્યાસ કરતો એક ૨૧ વર્ષીય યુવાન પણ કોરોનામાં સપડાયો છે. તેણે હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે.

સે. ૨૪ માં રહેતા અને દરજીકામ કરતા ૪૩ વર્ષીય ચોંકાવી દીધુ છે.

સે. ૪ માંથી એક ૬૮ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. બાયસેગમાં ડેટા એન્ટ્રી ઓપરેટર તરીકે કામ કરતા ૪૫ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત ૩૩ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ત્રણેય દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૬ માંથી ૭૧ વર્ષીય નિવૃત્ત કર્મયોગીનો રિપોર્ટ

સે. ૨૭માં રહેતા એક પશુ ચિકિત્સકનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. સે. ૭ માં રહેતા અને જુના સચિવાલય સંકુલમાં ડે. એકાઉન્ટન્ટ તરીકે ફરજો બજાવતા ૩૪ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ યુવા દર્દીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૫ માંથી ૫૮ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. સે. ૩૦ માં રહી અભ્યાસ કરતા ૨૭ વર્ષીય વિદ્યાર્થીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણે પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૩ માંથી ૬૮ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીએ સારવાર માટે ગાંધીનગર સિવિલમાં દાખલ કરવામાં આવેલ છે.

શહેરમાં રિકવરી રેટ સારો રહેવા પામ્યો છે. શહેરમાં આજે વધુ ૧૭ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે શહેરમાં અત્યાર સુધીમાં ૧૦૭૨ દર્દીઓ કોરોનામુક્ત થયા છે.

શહેરમાં હાલ ૨૧૬ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. શહેરમાં દર્દીઓની સંખ્યા વધતા કન્ટેનમેન્ટ ઝોનની સંખ્યા વધી રહી છે. શહેરમાં આજે ૨૩૦ જેટલા વિસ્તારોમાં કન્ટેનમેન્ટ ઝોન છે. જેમાં ૧૫ હજારથી વધુ લોકોને ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે. આજે ૪૨૩ લોકોને ક્વોરોન્ટાઈન હેઠળ આવરી લેવામાં આવ્યા છે.




બા...
જીવન અંજલિ થાજો

અમારા પૂજ્ય માતૃશ્રી
ગં.સ્વ.મંજુલાબેન અમૃતલાલ મેવાડા
(પૂર્વ આચાર્ય, કેનાલ કોલોની સરકારી પ્રાથમિક શાળા, નવા ડીસા)
તા.૨૬/૦૯/૨૦૨૦ને પુરષોત્તમ (અધિક) માસ આસો સુદ-૧૧ના રોજ સ્વર્ગવાસી થયાં છે.
પ્રભુને ગમ્યું તે ખરું.

વર્તમાન પરિસ્થિતિને કારણે સ્વર્ગસ્થના દિવ્ય આત્માની ચિરશાંતિ અર્થે ટેલીફોનિક માધ્યમથી શ્રદ્ધાંજલિ પાઠવશો તેવી પ્રાર્થના...

ટેલીફોનિક શ્રદ્ધાસુમન
તા.૦૨/૧૦/૨૦૨૦ને શુક્રવારનાં રોજ સવારે ૯ થી ૧૧ કલાક

સ્વ. અમૃતલાલ લીલાચંદ મેવાડા પરિવાર (ગુંજા-ગાંધીનગર)

ડૉ.દિલીપભાઈ અમૃતલાલ મેવાડા - ૯૮૨૪૩૧૪૭૨૫
(પ્રિન્સિપાલ, સિદ્ધાર્થ લૉ કોલેજ)
ડૉ.સોનલબેન દિલીપભાઈ મેવાડા - ૯૮૨૪૩૨૧૯૦૦
ડૉ.ઉષ્માબેન પ્રકાશકુમાર મેવાડા - ૯૮૯૮૦૮૬૨૦૩
ડૉ.પ્રકાશકુમાર પી. મેવાડા - ૯૯૨૫૭૯૮૦૭૩
ડૉ.વંદનાબેન જીગરકુમાર મેવાડા - ૮૩૨૦૦૬૫૬૬૫
જીગરકુમાર ડી. મેવાડા (PI) - ૮૭૫૮૨૦૦૧૫૦
જયેશકુમાર અમૃતલાલ મેવાડા - ૯૮૭૯૫૨૪૭૨૫
ગીતાબેન જયેશકુમાર મેવાડા - ૯૮૭૯૫૨૪૭૨૫
લવ દિલીપભાઈ મેવાડા - ૯૯૨૫૫૪૫૬૫૯
છાયા લવ મેવાડા - ૯૮૯૮૫૨૬૩૭૦
ડૉ.ધ્વનિ જયેશકુમાર મેવાડા
રાજ જયેશકુમાર મેવાડા - ૭૯૯૦૩૩૩૨૭૭
ગર્વ જીગરકુમાર મેવાડા

આપને ગુમાવ્યાની વ્યથા શબ્દોમાં સમાતી નથી, હરહંમેશ હેતની લાગણી સહેજેય વિસરાતી નથી
આપના સ્નેહની સુગંધ હંમેશા દિલમાં ગુંજતી રહેશે, આપના દિવ્ય આત્માને કોટિ કોટિ વંદન.



કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર (ફોરકલર) જોબ પ્રિન્ટીંગ ૧૦૦૦ નકલ 20''X30'', 18''x23''ની સાઈઝમાં માત્ર રૂ.૨૦૦૦/-
સીંગલ કલર જોબ પ્રિન્ટીંગ ૧૦૦૦ નકલ 23''X36'', 20''x30'', 18''x23''ની સાઈઝમાં માત્ર રૂ.૫૦૦/-
ગાંધીનગરમાં ૨૪ કલાક ચાલુ રહેતો એકમાત્ર પ્રિન્ટીંગ પ્રેસ
અરજન્ટ પ્રિન્ટીંગ કરી આપવામાં આવશે.
પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com



ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
Kisan®
ashirvad
Jaquar experience bathing
DR.FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com